પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮    અંક : ૧૪૯  કુલ પાના : ૪    તારીખ : ૧૫-૦૨-૨૦૨૫  શનિવાર    કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ટ્રેડથી લઈને ટેરરિઝમ સુધી ડોનાલ્ડ ટ્રમ્પની અનેક મોટી જાહેરાતો

## અમે અમારા દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં બમણાથી પણ વધુ વધારીને ૫૦૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો ,મોદી



વોશિગ્ટન

પીએમ નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં દ્વિપક્ષીય મંત્રણા બાદ જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ કરી. જ્યાં તેમણે બંને દેશો વચ્ચે થયેલા મહત્વના કરારો વિશે માહિતી આપી અને પત્રકારોના અનેક સવાલોના જવાબ આપ્યા. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૩૦ સુધીમાં અમે ભારત-અમેરિકી વેપારમાં બમણો વધારો કરીશું. જ્યારે ટ્રમ્પે પીએમ મોદીને પોતાના કરતા સારા નેગોશિએટર ગણાવ્યા.

જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ કહ્યું કે, સૌથી પહેલા હું મારા પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પને મારા શાનદાર સ્વાગત અને આતિથ્ય સત્કાર બદલ હાર્દિક આભાર વ્યક્ત કરું છું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારત અને અમેરિકાના સંબંધોને પોતાના નેતૃત્વથી જીવંત બનાવ્યું છે. આતંક સામે લડવામાં અમે સહયોગ કરીશું. સરહદ પાર આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહીની જરૂર છે. ૨૬/૧૧ ના આતંકવાદી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો નિર્ણય લેવા બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભારી છું. અમારી કોર્ટો તેને ન્યાયના ઘેરામાં લાવશે. પીએમ મોદીએ કહ્યું કે અમે જાણીએ છીએ કે ભારત અને અમેરિકાનો સાથ અને સહયોગ એક સારા વિશ્વને આકાર આપી શકે છે.

તેમણે કહ્યું કે ભારત અને અમેરિકાની ભાગીદારી લોકતંત્ર અને લોકતાંત્રિક મૂલ્યો તથા વ્યવસ્થાઓને સશક્ત બનાવે છે. ઈન્ડો પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ વધારવા માટે અમે મળીને કામ કરીશું. જેમાં ક્વાડની ભૂમિકા વિશેષ હશે. આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ભારત અને અમેરિકા દ્રઢતાથી સાથે છે. અમે સહમત છીએ કે સરહદપાર આતંકવાદના ખાતમા માટે નક્કર કાર્યવાહી જરૂરી છે.

પીએમ મોદીએ એ પણ કહ્યું કે આજે અમે અમારા દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં બમણાથી પણ વધુ વધારીને ૫૦૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો છે. અમારી ટીમો આ માટે લાભકારી વેપાર સમજૂતિઓને અંતિમ સ્વરૂપ આપવા માટે કામ કરશે. અમેરિકામાં ભારતીય સમુદાય અમારા સંબંધોમાં એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરે છે. અમારા લોકો વચ્ચે સંબંધોને વધારવા માટે, અમે જલદી લોસ એન્જલસ અને બોસ્ટનમાં ભારતના વાણિજ્ય દૂતાવાસ સ્થાપિશું.

જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ભારત પ્રવાસ અને પીએમ મોદીની હોસ્પિટાલિટી વિશે વાત કરી. તેમણે દેશોને આર્થિક રીતે મજબૂત કરવા માટે ફ્રેમવર્કની જાહેરાત કરી. ટ્રમ્પે કહ્યું કે આ વર્ષે અબજો ડોલરની સાથે અધિક રક્ષા વેચાણ શરૂ થઈ રહ્યું છે. ક્વાડ અને ઈન્ડો પેસિફિકને મજબૂત બનાવવામાં આવશે. ટ્રમ્પે કહ્યું કે તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પિત કરાશે.

ટ્રમ્પે કહ્યું કે મને એ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે મારા પ્રશાસને ભારતમાં ન્યાયનો સામનો કરવા માટે ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના ષડયંત્રકારમાંથી એકને પ્રત્યાર્પણની મંજૂરી આપી દીધી છે. પીએમ મોદીએ હાલમાં જ ભારતના અયોગ્ય ટેરિફમાં કાપની જાહેરાત કરી ચે. ભારત સાથે અમેરિકી વેપાર ખાધ લગભગ ૧૦૦ બિલિયન ડોલર છે અને પીએમ મોદી તથા અમે એ વાત પર સહમત થયા છીએ કે અમે લાંબા સમયથી ચાલી રહેલી અસમાનતાઓને દૂર કરવા માટે વાતચીત કરીશું. જેનો છેલ્લા ચાર વર્ષોમાં ધ્યાન રાખવું જોઈતું હતું. અમે વાસ્તવમાં એક સમાન ખેલનું મેદાન ઈચ્છીએ છીએ, જેના અમે ખરેખર હકદાર છીએ.

ભારત મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર પર બોલતા ટ્રમ્પે કહ્યું કે અમે ઈતિહાસમાં સૌથી મહાન ટ્રેડ રૂટમાંથી એકના નિર્માણમાં મદદ કરવા માટે મળીને કામ કરવા પર સહમત થયા છીએ. આ ભારતથી ઈઝરાયેલથી ઈટલી અને આગળ અમેરિકા સુધી ચાલશે. આ વિશે અમે ભારતમાં ક્વાડ શિખર સંમેલન દરમિયાન અન્ય દેશો સાથે સહયોગ વધારીશું. એક સવાલના જવાબમાં ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે, તેઓ (પીએમ મોદી) મારા કરતા વધુ ટફ નેગોશિએટર છે અને તેઓ મારાથી ઘણા સારા નેગોશિએટર છે. તેમની સાથે મારો કોઈ મુકાબલો પણ નથી.

અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની વાપસીના પ્રશ્ન પર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જે લોકો ગેરકાયદેસર રીતે કોઈપણ દેશમાં પ્રવેશ કરે છે તેમને ત્યાં રહેવાનો કાયદેસર અધિકાર નથી. જ્યાં સુધી ભારત અને અમેરિકાનો સવાલ છે, ભારત ફક્ત તે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેશે જેઓ પ્રમાણિત ભારતીય છે. પણ આ મામલો અહીં પૂરો થતો નથી. આપણે માનવ તસ્કરી સામે પણ કડક પગલાં લેવા પડશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે જે લોકોને લાલચ આપીને અહીં લાવવામાં આવે છે તે ગરીબ લોકો છે. તેમને સપના બતાવવામાં આવે છે. આ પણ તેમની સાથે અન્યાય છે. તેથી, આ પ્રકારની માનવ તસ્કરી સામે પણ કામ કરવાની જરૂર છે. પીએમ મોદીએ કહ્યું કે મને આશા છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ માનવ તસ્કરીના આ નેટવર્કને ખતમ કરવામાં ભારતને સંપૂર્ણ સહયોગ કરશે.

પીએમ મોદીની મુલાકાતના છેલ્લા દિવસે અમેરિકાના રાષ્ટ્રપતિ

ડોનાલ્ડ ટ્રમ્પે એક ભવ્ય રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. દિવસની શરૂઆતમાં, જ્યારે બંને નેતાઓ પહેલી વાર મળ્યા, ત્યારે ટ્રમ્પે પીએમ મોદીને ગળે લગાવ્યા. તેમણે કહ્યું કે તેમને પીએમ મોદીની ખૂબ યાદ આવે છે. આ ઉપરાંત, ટ્રમ્પે પીએમ મોદીનો પરિચય રાત્રિભોજનમાં હાજર રહેલા બધા મહેમાનો સાથે કરાવ્યો અને તેમના બેસવા માટે ખુરશી પણ પાછી ખસેડી.

પીએમ મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ભારતને તેનું સૌથી ખતરનાક અને નવીનતમ ટેકનોલોજીથી સજ્જ ફાઈટર જેટ એફ-૩૫ આપશે. ભારત સાથે સંરક્ષણ સહયોગ અંગે ટ્રમ્પે કહ્યું કે ભારતને ટૂંક સમયમાં એફ-૩૫ ફાઈટર જેટ પૂરા પાડવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું કે સરહદ પારના આતંકવાદ સામે કડક કાર્યવાહી જરૂરી છે. અમે આતંકવાદ સામે લડવામાં સહયોગ કરીશું. મને ખુશી છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨૬/૧૧ હુમલાના આતંકવાદી તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી છે. આ માટે હું ટ્રમ્પનો આભારી છું. આપણી અદાલતો તેને ન્યાય અપાવશે. અમારું માનવું છે કે ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી અને સહયોગ એક સારી દુનિયાને આકાર આપી શકે છે.

પીએમ મોદીની મુલાકાતના છેલ્લા દિવસે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ભવ્ય રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. દિવસની શરૂઆતમાં, જ્યારે બંને નેતાઓ પહેલી વાર મળ્યા, ત્યારે ટ્રમ્પે પીએમ મોદીને ગળે લગાવ્યા. તેમણે કહ્યું કે તેમને પીએમ મોદીની ખૂબ યાદ આવે છે. આ ઉપરાંત, ટ્રમ્પે પીએમ મોદીનો પરિચય રાત્રિભોજનમાં હાજર રહેલા બધા મહેમાનો સાથે કરાવ્યો અને તેમના બેસવા માટે ખુરશી પણ પાછી ખસેડી.

પીએમ મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ભારતને તેનું સૌથી ખતરનાક અને નવીનતમ ટેકનોલોજીથી સજ્જ ફાઈટર જેટ એફ-૩૫ આપશે. ભારત સાથે સંરક્ષણ સહયોગ અંગે ટ્રમ્પે કહ્યું કે ભારતને ટૂંક સમયમાં એફ-૩૫ ફાઈટર જેટ પૂરા પાડવામાં આવશે.

## મહાકુંભ દ્વારા ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થામાં ૩ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે



લખનૌ

કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ અને નીતિન ગડકરીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકની હાજરીમાં લખનૌમાં ૧૧૪ માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે, ત્રણેય નેતાઓએ લોકોને સંબોધિત પણ કર્યા.

આ પ્રસંગે સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે આપણને દર ૬ વર્ષે કુંભ અને દર ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન કરવાની તક મળે છે. આપણે જે પણ પ્રવૃત્તિઓ કરીએ છીએ, તે આપણા પર્યટનને પ્રોત્સાહન આપે છે. મહાકુંભને કારણે યુપીની અર્થવ્યવસ્થાને ૩ લાખ કરોડ રૂપિયાનો વેગ મળશે.

સીએમ યોગીએ કહ્યું કે જે લોકો આંગળી ચીંધે છે અને પૂછે છે કે ૫૦૦૦-૬૦૦૦ કરોડ રૂપિયા કેમ ખર્ચવામાં આવ્યા. આ રકમ ફક્ત કુંભ પર જ નહીં પરંતુ પ્રયાગરાજ શહેરના નવીનીકરણ પર પણ ખર્ચવામાં આવી છે. કુંભના આયોજનમાં કુલ ૧૫૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે અને તેના બદલામાં જો આપણી અર્થવ્યવસ્થાને ૩ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થાય છે અને યુપીની અર્થવ્યવસ્થા મજબૂત થાય છે, તો આ રકમ યોગ્ય રીતે ખર્ચવામાં આવી છે.

સીએમ યોગીએ કહ્યું કે જ્યારે ઉત્તર પ્રદેશમાં મહાકુંભમાં ૫૦-૫૫ કરોડ લોકો જોડાશે, ત્યારે તેનાથી આપણી અર્થવ્યવસ્થાને કેટલો ફાયદો થશે.મારો અંદાજ છે કે મહાકુંભ દ્વારા ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થામાં ૩ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. તેમણે કહ્યું કે પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે 'માઘ મેળા' અને કુંભ દરમિયાન, ઉત્તર પ્રદેશને ભાડાપટ્ટે જમીન મળે છે.જ્યારથી આપણી ડબલ એન્જિન સરકાર સત્તામાં આવી છે, ત્યારથી બધા ભક્તો તે સ્થળોની મુલાકાત લઈ શકે છે જ્યાં તેઓ આઠ વર્ષ પહેલાં જઈ શકતા ન હતા.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે મહાકુંભ દરમિયાન એકલા પ્રયાગરાજે જ ૩ લાખ કરોડ રૂપિયાના જીડીપી વૃદ્ધિમાં મદદ કરી. પર્યટન એક એવું ક્ષેત્ર છે જ્યાં ૪૯ ટકા મૂડી રોકાણ રોજગારી સર્જન પાછળ ખર્ચાય છે. અહીં ટેક્સી ડ્રાઈવરો, રિક્ષાચાલકો અને અન્ય લોકો માટે રોજગારની ઘણી તકો ઉભી થઈ. આપણા દેશનો આર્થિક વિકાસ સીધો માળખાગત સુવિધાઓ સાથે જોડાયેલો છે.લખનૌમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સના શિલાન્યાસ બાદ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે હું લખનૌના લોકોને કહેવા માંગુ છું કે તમે આ શહેરમાં જે પણ વિકાસ જોઈ રહ્યા છો તે સંપૂર્ણપણે આપણા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના યોગદાનને કારણે છે.

## પત્ની બીજા કોઈને પ્રેમ કરે છે, તેથી તે ભરણપોષણ મેળવવા માટે હકદાર નથી, મધ્યપ્રદેશ હાઈકોર્ટ



જબલપુર

મધ્યપ્રદેશ હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે પત્નીનો તેના પતિ સિવાય અન્ય કોઈ વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ વ્યભિચાર ગણાશે નહીં સિવાય કે તે તે વ્યક્તિ સાથે શારીરિક સંબંધમાં હોય. આ અરજી પર સુનાવણી કરતા, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ જીએસ અહલુવાલિયાએ જણાવ્યું હતું કે "પત્નીનો તેના પતિ સિવાયના કોઈ પુરુષ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ વ્યભિચાર માનવામાં આવશે નહીં જ્યાં સુધી તે તે વ્યક્તિ સાથે શારીરિક સંબંધ ન ધરાવે".

કોર્ટે પતિની એ દલીલને ફગાવી દીધી કે તેની પત્ની બીજા કોઈને પ્રેમ કરે છે, તેથી તે ભરણપોષણ મેળવવા માટે હકદાર નથી. છિંદવાડાના રહેવાસી પતિએ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પિતા દ્વારા મિલકતમાંથી કાઢી મૂકવા અને ઓછી માસિક આવક ધરાવતી નોકરીનો ઉલ્લેખ કરીને અરજી દાખલ કરી હતી. ભરણપોષણ ભથ્થું ચૂકવવાના નીચલી કોર્ટના આદેશ સામે પતિએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં, પતિએ કહ્યું હતું કે તેની પત્ની ભરણપોષણ ભથ્થું મેળવવા માટે હકદાર નથી કારણ કે તેણી તેના સાસરિયાનું ઘર છોડીને તેના માતાપિતાના ઘરે ગઈ હતી અને બીજા પુરુષ સાથે વાત કરી રહી હતી.હાઈકોર્ટે નીચલી કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો જેમાં પતિને તેની પત્નીને ભરણપોષણ ભથ્થા તરીકે ૪,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે પતિએ કોઈપણ સંજોગોમાં પત્નીને ભરણપોષણ ભથ્થું ચૂકવવું પડશે.

હાઈકોર્ટે પતિની ઓછી આવકની અરજી ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે પતિની ઓછી આવકની દલીલ ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો ઈનકાર કરવાનો માપદંડ નથી. જો અરજદારે એવી છોકરી સાથે લગ્ન કર્યા હોય કે તે તેની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સક્ષમ નથી, તો તે પોતે તેના માટે જવાબદાર છે, પરંતુ જો તે શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ હોય તો તેણે તેની પત્નીનું ભરણપોષણ કરવા અથવા ભરણપોષણ ચૂકવવા માટે કંઈક કમાવવું પડશે.

## પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપતા પીએમ મોદી અને અમિત શાહ, અમે આતંકવાદીઓને ખતમ કરીશું

નવીદિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ના પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં. વર્ષ ૨૦૧૯ માં આજના દિવસે, આતંકવાદીઓએ પુલવામામાં એક મોટો હુમલો કર્યો હતો, જેમાં દેશના ૪૦ સૈનિકો શહીદ થયા હતા. પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો પર આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલાના માત્ર ૧૨ દિવસ પછી, ભારતે પાકિસ્તાનથી બદલો લીધો અને ૨૬ ફેબ્રુઆરીએ બાલાકોટમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી. આ સર્જિકલ સ્ટ્રાઈકમાં ભારતીય સેનાએ ઘણા જૈશ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

એકસ પરની એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું, "૨૦૧૯ માં પુલવામામાં આપણે ગુમાવેલા બહાદુર નાયકોને શ્રદ્ધાંજલિ. આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ૨૦૧૯ માં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ સીઆરપીએફ જવાનોને શ્રદ્ધાંજલિ આપી. શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદીઓને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે કટિબદ્ધ છે અને સરકારે આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી છે.

એકસ પરની એક પોસ્ટમાં તેમણે કહ્યું, "૨૦૧૯ માં આજના દિવસે પુલવામામાં થયેલા કાયર આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સૈનિકોને હું કૃતજ્ઞ રાષ્ટ્ર વતી મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું." ગૃહમંત્રીએ કહ્યું કે આતંકવાદ માનવતાનો સૌથી મોટો દુશ્મન છે અને આખું વિશ્વ તેની સામે એક થયું છે. સર્જિકલ સ્ટ્રાઈક હોય કે હવાઈ હુમલો, મોદી સરકાર આતંકવાદીઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવીને તેમના સંપૂર્ણ વિનાશ માટે પ્રતિબદ્ધ છે.

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ એકસ દ્વારા ૨૦૧૯ના પુલવામા હુમલાના શહીદોને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ આપી. તેમણે ૨૦૧૯ ના ઘૃણાસ્પદ પુલવામા હુમલાના બહાદુર શહીદોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. માતૃભૂમિની સેવામાં તેમનું સર્વોચ્ચ બલિદાન હંમેશા યાદ રાખવામાં આવશે. આપણા બહાદુર નાયકોની હિંમત અને નિઃસ્વાર્થ પ્રતિબદ્ધતા પેઢી દર પેઢી પ્રેરણા આપતી રહેશે.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે પુલવામામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનોને લઈ જતી બસ પર હુમલો કર્યો હતો, જેમાં ૪૦ સૈનિકો શહીદ થયા હતા. થોડા દિવસો પછી, ભારતીય વાયુસેનાના લડાકુ વિમાનોએ પાકિસ્તાનની અંદર આતંકવાદી તાલીમ છાવણીઓ પર બોમ્બમારો કર્યો.

## મહારાષ્ટ્ર: મસ્જિદોમાં લાઉડસ્પીકરો સામે વાંધો, ભાજપે તેને ધ્વનિ પ્રદૂષણ કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું

મુંબઈ

મહારાષ્ટ્રમાં ભાજપે હવે મસ્જિદોના લાઉડસ્પીકરથી વધતા ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો બનાવ્યો છે. ભાજપ એવી કોઈપણ મસ્જિદ સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવશે જ્યાં લાઉડ સ્પીકર વગાડવામાં આવે છે. આ સંદર્ભમાં, ભાજપનું એક પ્રતિનિધિમંડળ ભાંડુપ પોલીસ સ્ટેશનના અધિકારીઓને મળ્યું. આ સમય દરમિયાન, લાઉડસ્પીકરના ઉપયોગ પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

ભાજપના પ્રતિનિધિમંડળે ભાંડુપના સોનાપુર અને નાહુર રોડ પરની મસ્જિદોને સવારે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ પરવાનગી દર મહિને અપડેટ કરવામાં આવે છે અને લાઉડસ્પીકરનો ઉપયોગ છેલ્લા આખા વર્ષ એટલે કે ૩૬૫ દિવસથી કરવામાં આવ્યો છે. ભાજપે કહ્યું છે કે લાઉડસ્પીકરના મોટા અવાજથી ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.ભાજપના પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે લાઉડસ્પીકરનો મોટો અવાજ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યો છે અને નજીકમાં રહેતા લોકોને મુશ્કેલી ઊભી કરી રહ્યો છે. ભાજપે પોલીસ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી આવી મસ્જિદો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી. તેમણે એમ પણ પૂછ્યું કે શું મસ્જિદ પર લાઉડસ્પીકર માટે પોલીસ સ્ટેશન અને સંબંધિત વિભાગ પાસેથી પરવાનગી લેવામાં આવી છે?

આ અંગે ભાંડુપ પ્રતિનિધિમંડળે કહ્યું કે અઝાનનું પ્રમાણ વધારવું એ પ્રવર્તમાન કાયદાનું ઉલ્લંઘન ન હોવું જોઈએ. ભાંડુપ પોલીસ સ્ટેશન દ્વારા ઉપરોક્ત સોસાયટીને કાયદાનું પાલન કરવાની પરવાનગી આપવામાં આવી છે. જો તેઓ પરવાનગી માંગે તો તેમને ૩૦ દિવસ માટે પરવાનગી આપવામાં આવે છે. ત્યારબાદ જો તેઓ ફરીથી વિનંતી કરે તો પરવાનગી આપવામાં આવે છે.અગાઉ ૧૯ મે, ૨૦૨૩ ના રોજ, મોહમ્મદી જામા મસ્જિદ સોનિયાપુર વૈથુનમાં સમાન કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યાં જમીલ અહેમદ ખાનને કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ ૧૨૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તે જ સમયે, જ્યારે મોહમ્મદિયા જામા મસ્જિદ સોનાપુરમાંથી આવતો અવાજ ખૂબ જ વધારે હોવાનું જાણવા મળ્યું, ત્યારે કાર્યવાહી કરવામાં આવી. તે જ વર્ષે ૧ ઓગસ્ટના રોજ, મસ્જિદના કારોબારી સભ્ય સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## મમતા સરકારને હાઈકોર્ટથી ઝટકો, આરએસએસની બેઠકને મળી પરવાનગી



કોલકતા

મમતા સરકારને કોલકાતા હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. મોહન ભાગવતની જાહેર સભાને હાઈકોર્ટે મંજૂરી આપી દીધી છે. ૧૬ ફેબ્રુઆરીએ બર્ધમાનમાં મોહન ભાગવતની જાહેર સભા યોજાવાની છે, પરંતુ પોલીસે મોહન ભાગવતની જાહેર સભાને પરવાનગી આપી ન હતી. પોલીસે આ માટે ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષાઓનો હવાલો આપ્યો હતો. મામલો કોર્ટ સુધી પહોંચ્યો અને કોલકાતા હાઈકોર્ટે મોહન ભાગવતની જાહેર સભાને મંજૂરી આપીમોહન ભાગવત ૬ ફેબ્રુઆરીથી પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. તેઓ શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) બર્ધમાનમાં સંઘના નવા રાજ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન કરવાના છે. આ વિવાદ ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારી તેમની જાહેર સભાને લઈને હતો, જેના માટે પોલીસે પરવાનગી આપી ન હતી.

બર્ધમાન પોલીસે ધોરણ ૧૦ની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધોનો ઉલ્લેખ કર્યો. પોલીસનું કહેવું છે કે પ્રસ્તાવિત સભા સ્થળની નજીક એક શાળા છે, જે પરીક્ષાને અસર કરી શકે છે. જોકે, આરએસએસ દલીલ કરી રહ્યું છે કે બેઠક રવિવારે યોજાવાની હોવાથી પરીક્ષામાં કોઈ વિક્ષેપ નહીં આવે. આરએસએસએ આ નિર્ણયને પડકાર્યો અને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, જેની સુનાવણી પર કોર્ટે મીટિંગને મંજૂરી આપી.જસ્ટિસ અમૃતા સિંહાની બેન્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને રેલી માટે પરવાનગી આપી છે, પરંતુ આયોજકોએ કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડશે. પહેલી શરત એ છે કે જાહેર સભામાં હાજર ભીડનું કદ મર્યાદિત હોવું જોઈએ અને તેના કારણે કાયદો અને વ્યવસ્થા બગડવી ન જોઈએ. તે જ સમયે, બીજી શરત એ છે કે લાઉડસ્પીકરનો અવાજ પણ નિયંત્રિત હોવો જોઈએ. સુનાવણી દરમિયાન, અરજદારે દલીલ કરી હતી કે રેલી સ્થળની નજીક કોઈ શાળા નથી. તે જ સમયે, બેન્ચે કહ્યું કે પ્રસ્તાવિત રેલીના દિવસે રવિવારે કોઈ પરીક્ષા નથી.

વેજલપુર તેમજ આપસારના સૌ ઈમીટેશન જ્વેલરીના શોખીનો માટે
ભવ્ય શો રૂમ મા અવનવી વેરાયટીનો ખજાનો જોવા તેમજ ખરીદવા માટે પધારો...

અરે પણ ઉભા રહો..... જશો ક્યાં...

RJ

ગોલ્ડ ફોર્મીંગ જ્વેલરી



ફેન્સી ઈમીટેશન જ્વેલરી વ્યજબી કિંમતે મળશે.

સંપર્ક : ૦૨૬૭૨-૨૯૯૧૯૯

અવનવી લેડીસ પાટલા, વીંટી, મંગળસુત્ર, બુટ્ટીઓ, સેટ, જેવી ફેન્સી આઈટમો તથા જેન્ટ્સ વીંટી, લક્કી, ફેન્સી પેન્ડલ, ચેઈન જેવી આઈટમો

અદ્યતન વેરાયટી જોવા આજે જ પધારો....

ફેશનની દુનિયામાં ગેરંટીની આશા છોડો

દુ.૧૦, રાજન સ્કવેર, પહેલો માળ, પોલીસ સ્ટેશન સામે, વેજલપુર, જી.પંચમહાલ

તા.૧૫/૦૨/૨૦૨૫
શનિવાર

મહિસાગર – છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા અને બોડેલી

પંચમહાલ સમાચાર

# ખાનપુરના ગાગટા ગામ અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા દ્વિતિય સમૂહ યજ્ઞોપતિનું આયોજન

મલેકપુર, ખાનપુર તાલુકાના ગાગટા ગામમાં અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા દ્વિતીય સમૂહ યજ્ઞોપવિતનું ૧૭ મીને સોમવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞોપવિતમાં ૪૩ બટુક જનોઈ ધારણ કરશે.

ખાનપુર તાલુકામાં આવેલ ગાગટા ગામે અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા દ્વિતીય સમૂહ યજ્ઞોપવિતનું તા. ૧૭ મીને સોમવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞોપવિતમાં ૪૩ બટુક જનોઈ ધારણ કરશે. અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજના શાંતિ મંડળ તથા ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત દ્વિતીય સમૂહ યજ્ઞોપવિત મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના ગાંગટા ગામની જ્ઞાન શકિત ટ્રાયબલ રેશિડેન્સી સ્કૂલ ઓફ એક્સેલેન્સ ખાતે યોજાશે. આ સમુહ યજ્ઞોપવિતમાં બાકોર, ડેભારી, પાંડરવાડા, વડાગામ સહિતના ગામોના ૪૩ બટુકને જનોઈ આપવામાં આવશે.

આ સમુહમાં જનોઈમાં ૧૬ મીને રવિવારે ગણેશ સ્થાપના બાદ ગૃહશાંતિ રાત્રે ગરબા સોમવારના રોજ સવારે ૯ કલાકે મામેરૂ બાદમાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવશે અને બપોરે ૩ કલાકે કાશીયાત્રા યોજાશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના આગેવાનો હાજર રહેશે.

# સીસીઆઈએ કપાસની ખરીદી બંધ કરતાં ખેડૂતો ઘરમાં સંગ્રહવા મજબૂર

છોટા ઉદેપુર સીસીઆઈ દ્વારા ચાર દિવસથી કપાસ ખરીદીના બિલ ન બનતાં કપાસની ખરીદી બંધ કરાઈ છે. જેના કારણે હાલ સંખેડા-બોડેલી તાલુકામાં ખેડૂતો ઘરોમાં કપાસનો સંગ્રહ કરવા મજબૂર બન્યા છે.છેલ્લા ચાર દિવસથી સીસીઆઇ દ્વારા કપાસ ખરીદીના બિલ ન બનતા હોવાને કારણે કપાસની ખરીદી બંધ કરાયેલી છે. કપાસની ખરીદી બંધ થયેલી હોવાને કારણે ખેડૂતોનો કપાસ ખરીદાતો નથી. ટેકાનો ભાવ ૭,૪૭૧ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. જ્યારે બજારમાં વેપારીઓનો ભાવ



રૂ.૬,૫૦૦થી લઈ રૂ.૭,૨૦૦ સુધીનો હોવાનું મનાઈ રહ્યું છે. જેથી ખેડૂતો વેપારીઓને કપાસ વેચે તો ઘણું જ મોટું આર્થિક નુકસાન થઈ શકે તેમ હોવાથી ખેડૂતો પણ સત્વરે આ સમસ્યા દૂર થાય અને જલ્દીથી કપાસની ટેકાના ભાવથી ખરીદી શરૂ થાય એવી માંગ કરી રહ્યા છે. કપાસના બજાર ભાવ ઘણા નીચા હોવાને કારણે સંખેડા બોડેલી તાલુકાના અનેક ખેડૂતોએ પોતાના ઘરોમાં કપાસનો સંગ્રહ કર્યો છે. કપાસની ખરીદી સીસીઆઇ દ્વારા ટેકાના ભાવે શરૂ થાય એની ખેડૂતો રાહ જોઈ રહ્યા છે.

નોંધનીય છે કે મધ્ય ગુજરાતમાં સંખેડા અને બોડેલી તાલુકો એ કપાસની ખરીદીનું ઘણું જ મોટું સેન્ટર ગણાય છે. સીસીઆઈ કપાસની ખરીદીના બિલ જે સોફ્ટવેરમાં બનાવે છે. તેમાં ખામી સર્જાઇ છે. એટલે કપાસની ખરીદીના બિલ બનતા નથી. તેનું નિરાકરણ થાય તે માટે કામગીરી ચાલી રહી છે. બિલ બનવાના શરૂ થયેથી કપાસની ખરીદી શરૂ કરવામાં આવશે. સુનિલ બામલે, સીસીઆઈ કપાસ ખરીદ અધિકારી, હાંડોદ

સોફ્ટવેરમાં સમસ્યા સર્જાતાં બિલ બનતા નથી કપાસની ટેકાના ભાવે ખરીદી જલદીથી શરૂ થાય એ જરૂરી સીસીઆઈના કપાસ ખરીદીના બિલ ન બનતાં ટેકાના ભાવે ખરીદી બંધ કરાઈ છે. ખેડૂતો પાસે હજીય ઘણો કપાસ છે. બજારભાવે કપાસ વેચવાથી મોટું નુકસાન થાય એમ છે. ૪ દિવસથી આ સમસ્યા છે તેનું નિરાકરણ થતું નથી. જલ્દીથી ટેકાના ભાવે ખરીદી શરૂ થાય એ જરૂરી છે.

# રખડતા ઢોર અને ધૂળ ખાતાં સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સથી લોકો ત્રસ્ત; ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવા સમાન

મહીસાગર

મહીસાગર જિલ્લામાં ત્રણ નગરપાલિકાઓમાં ૧૬ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાનાર છે ત્યારે, જિલ્લાની લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં દિવ્યભાસ્કર ડિજિટલ ટીમ દ્વારા મતદારોની સમસ્યા શું છે, તેને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં ભાસ્કર ટીમ દ્વારા શહેરના અલગ અલગ વોર્ડમાં જઈ મતદારોની પ્રતિક્રિયા જાણી હતી અને ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવ્યો હતો. જેમાં લોકોએ પોતાની અલગ અલગ સમસ્યાઓ જણાવી હતી.

ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં લોકોએ પોતાની સમસ્યાઓ જણાવતા કહ્યું હતું કે, અહીં રખડતા ઢોરનો ખૂબ જ ત્રાસ છે, અવારનવાર રખડતા ઢોરના કારણે લોકોને સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ પહોંચી રહી છે. જ્યારે જિલ્લા મથક બન્યા બાદ શહેરમાં ટ્રાફિકની ખૂબ સમસ્યા વધી રહી છે, જે સમસ્યાના નિવારણ માટે લોકો માગ કરી રહ્યા છે.

બીજી તરફ કેટલાક વિસ્તારોમાં ખુલ્લી અને ઉભરાતી ઘટાડોથી લોકો પરેશાન છે. વોર્ડ નંબર ત્રણમાં જૂની પંચશીલ હાઈસ્કૂલ પાસે ટેકરા ઉપર રહેતા લોકોને પાણીની પણ સમસ્યા સતાવી રહી છે. જોકે લુણાવાડા નગરમાં છેલ્લા કેટલાક સમયથી સ્વચ્છતાની કામગીરી સારી થઈ રહી છે, પરંતુ હજી પણ કેટલાક જગ્યાએ સ્વચ્છતાનો અભાવ છે, જ્યાં લોકો સ્વચ્છતા માટે પણ માગ કરી રહ્યા છે.

ઉપરાંત શહેરમાં લાખોના ખર્ચે બનાવવામાં આવેલું સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ ધૂળ ખાઈ રહ્યું છે અને સ્પોટ્ર્સ એક્ટિવિટી માટે યુવાનોને તેનો લાભ મળી રહ્યો નથી. આમ લુણાવાડા નગરની જનતાએ પોતાની અલગ અલગ સમસ્યાઓ દિવ્યભાસ્કર સમક્ષ જણાવી હતી.

'આ વખતે વાયદો નહિ પણ કામ જોઈએ' ખુશ્બુ પટેલ વોર્ડ નંબર ૧ના સ્થાનિક મહિલાએ જણાવ્યું હતું કે, હું લુણાવાડાની એક જાગૃત નાગરિક છું. આ ચૂંટણી આવી રહી છે તો આ વખતે વાયદો નહિ પણ કામ જોઈએ અમારે. અહીં રોડ બને. ૫ વર્ષ થયા પણ તમે જોઈ શકો છો કે, બે વર્ષમાં જ રોડની શું હાલત છે. રોડ બને છે પણ એક વર્ષમાં જ તમે અત્યારે રોડની હાલત જોઈ શકો છો, થોડાંક ટાઈમમાં જ રોડ ઘસાઈ જાય છે, નકરી કપચી દેખાય છે.

અહીંયા અમારી સોસાયટીમાં વોર્ડ નંબર ૧માં પાણીનો નિકાલ નથી. અહીં કચરો સાફ કરવા લોકો પણ નથી આવી શકતા. દર વર્ષે ચૂંટણી આવે વાયદો કરે છે. આ વસ્તુ પાંચ કે દશ વર્ષની નથી, પહેલાથી જ છે. કોઈ વિકાસ જ નથી અહીંયા. બીજું કે લુણાવાડામાં સ્પીડ બ્રેકર પણ જોઈએ કેમ કે, બહુ સ્પીડમાં ગાડીઓ આવે છે. બાળકોની સ્કૂલ છૂટે ત્યારે ટ્રાફિક થાય છે. બીજું કે ગટરો કરી એટલે રોડ નાનો થઈ ગયો છે.

લુણાવાડામાં એક જવાહર બાગ છે તેનો વિકાસ કરવો જોઈએ.પબ્લિક ફરવા માટે ક્યાં જાય આજે શું સેફ્ટી છે. એક વોચમેન કાયમ માટે જોઈએ કેમ કે લેડીઝ એકલી બેઠી હોય તો એની સેફ્ટી પણ જોઈએ. સ્વાસ્થ્ય માટેના સાધનો નથી અમારા લુણાવાડામાં. હું જાતે એક યોગા ટીચર છું. અમારે અહીંયા યોગા માટેની કોઈ જગ્યા નથી. તો અમે ઘરના કંપાઉન્ડની બહાર સોસાયટીની બહેનોને ભેગા કરીને જાગૃતતા લાવીએ છીએ. હું ખુદ ગુજરાત યોગ બોર્ડ તરફથી યોગા શીખી છું અને શીખવાડું છું. અહીંયા એક એવું પ્લેસ જોઈએ અમારે જ્યાં બાધા આવી શકે, અત્યારે ગાર્ડન છે પણ ગાર્ડનની અંદર એવા કેટલાક સાધનો મૂકો જે નિશુલ્ક હોય અને બધા એનો લાભ લઈ શકે. તો લોકોનું સ્વસ્થ પણ સારું રહે.

'લુણાવાડાનું કોઈ જ ડેવલોપમેન્ટ દેખાતું નથી' સોનલબેન પંડ્યાએ જણાવ્યું હતું કે, હું લુણાવાડા વોર્ડ નંબર ૧માં રહું છું. લુણાવાડાની જો વાત કરું તો ૨૦૧૩થી મહીસાગર જિલ્લો અલગ થયો છે પણ લુણાવાડાનું કોઈ જ ડેવલોપમેન્ટ દેખાતું નથી. રખડતા ઢોરની સમસ્યા પણ બહુ જ મોટી છે. અહીંના રહીશોને ઈજા પણ પહોંચી છે, પણ નગરપાલિકા સાંભળવા માટે તૈયાર નથી

અહીં ટ્રાફિકનો પણ વિકરાળ પ્રશ્ન છે. લુણાવાડામાં ત્રણ તળાવ છે પણ એ તળાવોનું પણ બ્યૂટીફિકેશન થવું જોઈએ. ટુરિસ્ટ પ્લેસ ઉભા થયા તો લુણાવાડા નગર પાલિકાને એક આવકનો સ્ત્રોત ઉભો થાય અને નગરપાલિકા થ્રુ લુણાવાડાની રોનક પણ બદલાઈ શકે તેમ છે. નગરપાલિકામાં સ્વચ્છતાને લઈને પાણીને લઈને અને ગટરને લઈને બહુ જ બધા પશ્નો છે અને એટલા માટે જે પણ કોર્પોરેટ ચૂંટાઈને આવે તો વાયદા નહિ પણ ગ્રાઉન્ડ લેવલે કામ કરે.

'અમારે ત્રણ વર્ષથી સળંગ પાણીની બહુ તકલીફ છે.' ઈમરાની મીઠાએ જણાવ્યું હતું કે, અમે વોર્ડ નંબર ૩માં ટેકરા પર રહીએ છીએ. અમારે ત્રણ વર્ષથી સળંગ પાણીની બહુ તકલીફ છે. અમે લોકોના નળેથી પાણી ભરીએ. એમાં પણ દસથી વીસ જણ બે નળથી પાણી ભરીએ. એટલી બધી તકલીફ પડે છે કે, લોકો ભરવા નથી દેતા અને લડમલડી ચાલે છે કાયમ. ત્રણ વર્ષ નહીં કોઈ ત્રણ દિવસ ના વેઠે, અમે ત્રણ વર્ષથી વેઠીએ છીએ. બીજું કશું જ જોઈતું નથી અમારે બસ નળ મૂકી આપે. કેટલી સબર કરવાની ? ત્રણ વર્ષથી વેઠીએ છીએ હજી પાલિકામાં માટલા ભાગવા આવ્યા નથી. પાણી હોય તો પાણી પીએ ને જીવીએ ખાવા ઓછું હોય તો ચાલે.

'અમારું કોઈ નગરપાલિકા સંભાળતી નથી' અન્ય એક સ્થાનિક મહિલાએ જણાવ્યું કે, અમે વોર્ડ નંબર ૩ જૂની પંચશીલ બાજુ ટેકરા પર રહીએ છીએ અમને પાણીની બહુ તકલીફ છે. અમારું કોઈ નગરપાલિકા સંભાળતી નથી. અમે બે વર્ષથી બહું પાણીનું દુઃખ વેઠીએ છીએ. અમારે પાણીની બહુ જ જરૂર છે. આમારા છોકરા ભણવા જાય છે, એમને દેગડા લઈને અમારે પાણી ભરાવવું પડે છે. એમનું ભણવાનું બગડે છે. નગરપાલિકા કોઈ કાર્યવાહી કરતી નથી. અમારી પાણીની સમસ્યા કોઈપણ રીતે દૂર કરો. અમારે ૧૦-૧૫ ઘરમાં પાણીની બહુ તકલીફ છે. ત્રીજા ફળિયામાં પાણી ભરવા જવું પડે છે. કોઈપણ ઉમેદવાર ચૂંટાઈ ને આવે અમારે પાણીનું કનેક્શન જોઈએ બીજી કોઈ વાત નઈ.

'ગટરો વારંવાર ઉભરાય છે' સ્થાનિક રહીશ ગાંધી શીતલએ જણાવ્યું હતું કે, અત્યારે અમારે વોર્ડ નંબર ૪માં અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે. જેમકે સ્વછતા, અત્યારે તમે અહીંયા આવીને જોઈ શકો છો કે રોડ પર ગંદકી જોવા મળે છે. ગટરો પણ વારંવાર ઉભરાય છે. તમે આગળ જઈને જોશો તો પણ કોઈ સ્વછતા જણાતી નથી. સાફ સફાઈ પણ થતું નથી.

એનાથી પણ બીજી સૌથી મોટી વાત અમારી પ્રણામી સોસાયટી નગરપાલિકાએ અ ગ્રેડ અમને આપ્યો છે. અ ગ્રેડમાં કોઈ ફેસિલિટી અમને મળી નથી. અત્યારે તમે બજારમાં જઈને જોશો તો ઈ ગ્રેડ અને ઈ ગ્રેડ તે ગ્રેડમાં પણ ફેસિલિટી, સ્વછતા ગટરની પણ તમને ફેસિલિટી મળે છે. એવી કોઈ ફેસિલિટી અમને મળતી નથી. અ ગ્રેડના કારણે અમારે ટેક્ષ વધારે આવે છે. અમારે મદયમાં વર્ગને આ બાબતને લઈ ગની બધી સમસ્યાઓ નળે છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો. ખૂબ વિચાર-વિમર્શ પછી આવો કોઈ નિર્ણય લેશો તો તમને સારા પરિણામ મળશે.

વૃષભઃ દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો. એવું પણ થઈ શકે છે કે પત્ની અથવા ગર્લફ્રેન્ડ પણ તમને આ પ્રકારના વર્તનથી હેરાન કરે છે, પરંતુ તેમ છતાં તમારે ધીરજથી કામ કરવું જોઈએ.

મિથુનઃ તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી. ધીરજથી તમારું કાર્ય કરવાનું વધુ સારું રહેશે અને આવનારા સારા સમયની રાહ જોવી.

કર્કઃ આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે. બપોર સુધીમાં તમે કોઈ મહત્વના કામ પર પૈસા ખર્ચ કરી શકો છો. આજે તમને ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે.

સિંહઃ આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે. મોટા ફાયદાની આશામાં દિવસ સાર્થક દેખાશે. પ્રિયજનો તરફથી પણ સારા સમાચાર મળશે અને કોઈપણ ધાર્મિક કાર્યની યોજના કરતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

કન્યાઃ આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો. આજે તમને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ થઈ શકે છે. તમારે દિવસના પહેલા ભાગમાં ડોક્ટરને મળવું પડશે.

તુલાઃ તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે. બપોરે થોડી દોડધામ કરવાથી છૂટાછવાયા ફાયદા થઈ શકે છે. કામદારો પણ આજે તણાવપૂર્ણ બની શકે છે.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે.

ધનઃ આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે. સાંજનો સમય સારો રહેશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઈચ્છે છે તે તમારી આસપાસ દેખાશે. આજે તમને તારા ગ્રહોનો લાભ મળી રહ્યો છે અને આજે તમારા કાર્ય પૂરા થવામાં મદદ રૂપ થશે.

કુંભઃ આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેમનામાં મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું યોગ્ય રહેશે.

મીનઃ આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો. તમને સફળતા મળશે બાકીના અન્ય કામો માટે બપોર સુધી સારો સમય છે.

# છોટા ઉદેપુર નગરપાલિકામાં પાણી, ગટર અને વીજળીની સમસ્યાથી ત્રસ્ત નગરજનો, ચૂંટણી પહેલા લોકોમાં રોષ

છોટા ઉદેપુર નગરપાલિકામાં મૂળભૂત સુવિધાઓના અભાવે નગરજનો હાલાકી ભોગવી રહ્યા છે. સૌથી ગંભીર સમસ્યા પીવાના પાણીની છે, જ્યાં નગરજનોને આંતરે દિવસે અને તે પણ માત્ર એક વખત અશુદ્ધ પાણી મળે છે. ઉનાળામાં આ સમસ્યા વધુ વિકટ બને છે.

ગટર વ્યવસ્થા પણ કથળેલી છે. નિયમિત સફાઈના અભાવે ગટરો ઉભરાય છે અને તેનું પાણી ઓરસંગ નદીમાં ભળે છે, જે પીવાના પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કરે છે. વીજળીની સમસ્યા પણ ગંભીર છે, જ્યાં લો-વોલ્ટેજના કારણે ઘરેલું ઉપકરણો બળી જાય છે અને કેટલાક વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટના અભાવે રાત્રે અંધારું છવાય છે. રસ્તાઓની સ્થિતિ પણ દયનીય છે. બિનજરૂરી બમ્પ્સને કારણે વૃદ્ધો અને બીમાર લોકોને હોસ્પિટલ જવામાં મુશ્કેલી પડે છે. નગરપાલિકામાં વહીવટી કામો માટે પણ લોકોને ધક્કા ખાવા પડે છે અને સેવકો સમયસર કામ કરતા નથી.

ત્યારે આગામી નગરપાલિકાની ચૂંટણીમાં આ મુદ્દાઓ મહત્વપૂર્ણ ભૂમિકા હોઈ દિવ્ય ભાસ્કર ડિજિટલની ટામ દ્વારા નગરજનોનો વર્તમાન વ્યવસ્થા પ્રત્યેનો મત જાણવા ગ્રાઉન્ડ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં જાણવા મળ્યું કે, છોટા ઉદેપુરના લોકોમાં અસુવિધાઓને લઈને ભારે રોષ છે. ચાલો જાણીએ શું કહે છે, છોટા ઉદેપુરના મતદારો...

અમારા વોર્ડના અંદર કોઈ વિકાસ થયો નથી સૌપ્રથમ અમે વોર્ડ નંબર એકની મુલાકાત લીધી, જ્યાં ઈકબાલભાઈ દડીએ અમને જણાવ્યું હતું કે, ગઈ બોડી વિશે વાત કરીએ તો અમારા વોર્ડના અંદર કોઈ વિકાસ થયો નથી, વિકાસ થયો છે માત્ર જૂજ વ્યક્તિઓનો જ. પ્રજાનો કોઈ વિકાસ થયો નથી, માટે પ્રજાએ એવું મન બનાવી લીધું છે કે, આ વખત નિશ્ચિત અમારે અમારા વોર્ડમાં પરિવર્તન લાવવાનું છે. અમારા વોર્ડની સૌથી મોટી સમસ્યા એ છે કે, ૨૦૦૭માં જે ભૂગર્ભની ડ્રેનેજ લાઈનની ગ્રાન્ટ આવી હતી. એ સૌથી પહેલા અમારા સ્ટેશન પર આવી હતી, પણ આજસુધી ડ્રેનેજ લાઈન ચાલુ નથી.

ત્યાર પછી સાફ સફાઈ નથી, અહીંયા અમારા પાછલા ચૂંટાયેલા જે સભ્યો હતા એ લોકોએ ફક્ત સાફસફાઈ કર લેવાને જ પોતાનું કામ સમજ્યું છે. એના સિવાય પ્રજાના ઘણા ખરા એવા કામ હોય છે, જેની તાતી જરૂરિયાત છે, પરંતુ એને પૂરી કરવામાં એ લોકો સક્ષમ ઉતર્યા નથી માટે એવું કહી શકાય કે ખરેખર અમારા વોર્ડમાં પરિવર્તન જોઈએ છે. અમારા મતદારો જેને લાવવા ઈચ્છે છે તેને ખોબે ખોબે મત આપવા તૈયાર છે. નગરપાલિકામાં પાણીની સમસ્યા હોય, ડ્રેનેજની લાઈન હોય, સાફસફાઈ હોય જે તાતી જરૂરિયાત છે. એ જરૂરિયાતને પૂરી કરવામાં સફળ નથી થયા માટે આ વિરોધ થઈ રહ્યો છે.

'આ વિસ્તારમાં પાણીની મોટી સમસ્યા છે' વોર્ડ ૨માં રહેતા વિજયસિંહ વાંસદિયાએ જણાવ્યું હતું કે, અમે વોર્ડ નં ૨ માં આવીએ છે. અમારા વોર્ડમાં સમસ્યા આમ જુઓ તો ઘણી બધી છે જ, પણ મુખ્ય પાયાની સમસ્યા એ કે આપણે જ્યાં ઊભા છે ત્યાં તમારી પાછળ જ ઢોર એટલા બધા બેસીને ગંદકી કરે છે કે વાત ન પૂછો, આ કામ નગરપાલિકામાં આવે છે પણ તે નથી થતું. સફાઈમાં અહીંયા ગટર જાય છે ત્યાં પુષ્કળ ગંધ મારે છે. આ ગટરોની પણ સફાઈ રેગ્યુલર થતી નથી. આ વિસ્તારમાં પાણીની મોટી સમસ્યા છે. પાણી ક્યારેક આવે છે, ક્યારેક નથી આવતું. આવે છે તો પ્રેશર વગરનું આવે છે. એટલે નાછૂટકે લોકોને થોડાં પાણીથી ચલાવવાની ટેવ પાડી દેવી પડે છે.

ઘણા વખતથી અહીંયા પાણી સવારમાં એક જ ટાઈમ આવે છે. એક ટાઈમ પાણી આવે એટલે નોકરિયાત વર્ગને સમસ્યા ઊભી થાય છે. આમ પાણીની સમસ્યા છે. જ્યાં લાઈટની જરૂરિયાત હોય છે ત્યાં લાઈટો નથી હોતી. લાઈટ ચેક કરવા માટે એ લોકોના માણસો પહેલા ચેક કરતા હતા, પણ હવે કોઈ ચેક કરતું હોય તેવું જણાતું નથી. માટે હવે આ સમસ્યા પણ ઉભી થઈ છે.

તળાવનું પાણી ગંદુ થાય છે, નાની તલાવડી ગંદી થાય છે. તેમાં દુર્ગંધ મારે છે, હવા આ બાજુ આવે તો આ બાજુના લોકોએ રોગના ભોગ બનવું પડે છે. અત્યારે કેટલાક છે કે જે રોગના ભોગ બનેલા છે. આ સમસ્યાઓ નવી બોડી સારો વહીવટ કરે તેવી આશા છે.

'અમને ગટરના પાણી પીવા મળે છે' વોર્ડ ૩ના મતદાર નાઝીમ ઘેંસે જણાવ્યું હતું કે, હું વોર્ડ નં. ૩માં આવું છું, અમારા વોર્ડમાં સૌથી પહેલાં તો લાઈટ માટેની જે સમસ્યા છે એમાં અમારે ડીપી નાખવાની છે. લો વોલ્ટેજના હિસાબે અમારે લાઈટની તકલીફ રહે છે. બીજી સમસ્યા છે કે, અમારી જે પણ જગ્યાએથી ગટરલાઈન જાય છે. એ છોટા ઉદેપુર ઓરસંગ નદીની અંદર એ પાણી જાય છે. ગટરના પાણી અમને પીવા મળે છે. નર્મદાની લાઈન આપેલી છે પણ, નર્મદાની લાઈન રસ્તા ઉપર તૂટેલી છે, જેથી અમને અંદર પાણી મળતું નથી. પાણીની સમસ્યા છોટા ઉદેપુરમાં વર્ષોથી ચાલે છે. વર્ષોથી નગરપાલિકાની બોડી આવે છે પણ આજસુધી કોઈ એ સમસ્યા કોઈ હલ કરી શક્યું નથી. ઉનાળાનો સમય આવે ત્યારે અમને એક દિવસના આંતરે, બે દિવસનાં આંતરે પાણી મળે છે. એટલે સૌથી પહેલા પાણીની સમસ્યા છોટા ઉદેપુરની હલ થઈ જાય એવી અપેક્ષા રાખીએ છીએ. અહીંયા ઓરસંગ આટલી મોટી નદી હોવા છતાં પણ પાણી નથી મળતું. અમારા પ્રશ્નો હલ કરે અને જનતાને ફાયદો થાય તેવું કામ કરે તેવું અમે ઈચ્છીએ છે.

'કોઈ નિયમોનું પાલન થતું નથી' વોર્ડ ૪માં રહેતાં ચંદુભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, અમારા ૪ નંબરના વોર્ડમાં પાણીમાં તો ઉનાળામાં તકલીફ પડે. ઘણીવાર આંતરે દિવસે આવે, ઘણીવાર ટાઈમ ટુ ટાઈમ ના આવે એ પ્રશ્ન છે. બીજું રોડની અંદર એવું છે કે, રોડ બનાવે છે પણ રોડને તોડી નાખવામાં આવે છે. રેતી નાખીને ખાડા પુરે છે તો અમારા વાહનોને નુકસાન થાય છે. ગામમાં કેટલીક જગ્યાએ બિનજરૂરી મોટા મોટા બમ્પ મૂકેલા છે. તેને કારણે અમારા જેવા સિનિયર સિટીઝન માણસોને તકલીફ થાય, વાહનોને નુકસાન થાય, બીમાર માણસોને લાવવા લઈ જવાની પણ તકલીફ થાય છે. ગામમાં જ્યાં જરૂર નથી ત્યાં બમ્પ બનાવ્યા છે. હું અહીંયા ૩૨ વર્ષથી રહ્યું છું. મને ખબર છે કે કોઈ નિયમોનું પાલન થતું નથી. ટ્રાફિકના ચિહ્નો રોડ પર મુકવા જોઈએ. આ ઉપરાંત અમારી સોસાયટીની પાછળની જે ગટર છે તે સાફ સફાઈ વ્યવસ્થિત થતી નથી અને નથી દવા છંટાતી. પાછળ કોતર છે તેની પણ સફાઈ થતી નથી, જેના કારણે મચ્છરનો ત્રાસ થાય છે.

'બે-ત્રણ દિવસે પાણી આવે છે અને એ પણ ગંદું' ઈલિયાસભાઈ શેખ (પેન્ટર)એ જણાવ્યું હતું કે, અમારા વોર્ડ ૫માં ઘણી બધી સમસ્યાઓ ઊભી થઈ છે. તેમાં મુખ્ય સમસ્યા જે છે તે વીજળી, પાણી અને ગટરની સમસ્યા છે. જેમાં દર વર્ષે ચોમાસા દરમિયાન એવું સમજો કે, નદી જેમ પાણી વહે છે. ત્યાં રોગચાળો ફાટવાની શક્યતા રહે છે, જેથી અમારી ઈચ્છા એવી છે કે, અમારા વિસ્તારમાં જે સમસ્યા થાય છે તેનું વહેલી તકે નિરાકરણ કરે. પીવાના પાણીની સમસ્યા એવી છે કે, ઉનાળામાં દર વર્ષે બે દિવસે ત્રણ દિવસે પાણી આવે છે અને એ પણ સ્વચ્છ પાણી તો આવતું જ નથી. ચોમાસામાં પણ આ સમસ્યા રહે છે. અહીંયા ફિલ્ટર વોટર લગાવવામાં આવેલ નથી. જેના કારણે ખરાબ પાણી આવે છે. વાસ મારતું પાણી આવે છે અમુકવાર.

'ભયંકર રોગચાળો ફાટી નીકળવાની શક્યતા' દત્તુભાઇ જોશીએ કહ્યું કે, અમારા ૭ નંબરના વોર્ડમાં કિલ્લા વિસ્તારમાં પાણી તેમજ સફાઈની ઘણી સમસ્યા છે. વારંવાર મૌખિક રીતે રજૂઆત કરી જ છે. સફાઈ કામદારોને પણ કહ્યું છે. આજે બજારના પાછળના ભાગની જે મોટી ગટરો છે. એમાં ખૂબ જ પ્રમાણમાં કચરો જામ થઈ જાય છે. એની સફાઈ થતી નથી, જેથી અસહ્ય દુર્ગંધ મારે છે અને ભયંકર રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે. પીવાના પાણી માટે ઓછા ફોર્સમાં પાણી આવે છે, જેથી ઘરમાં પાણી આવતું નથી. ઉનાળામાં બિલકુલ પાણી આવતું નથી. અમે બોરિંગનો ઉપયોગ અમારા સ્વખર્ચે લાઈટ બિલમાં જોઈન્ટ કરી પાણી અમારા ઘરમાં વાપરવા તેમજ પીવામાં ઉપયોગ કરીએ છીએ. પાલિકાનું પાણી નહિવત આવે છે. જેથી ઉપયોગમાં લેવાતું નથી. તો હવે જે પાણી આપવામાં આવે તે ફિલ્ટરવાળું આપવામાં આવે કે જેથી ક્ષારયુક્ત પાણી પીવું ના પડે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## સંજેલી તાલુકાના નેનકી થી વાણિયાઘાંટી નવીન માર્ગમાં વેઠ ઉતારતા જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત



સંજેલી,

સંજેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નવીન માર્ગમાં કોન્ટ્રાક્ટરની ગેરરીતી અને મનમાંની સામે રજૂઆતો કરવા છતાં તંત્રના આંખ-આડા-કાન કરોડોની ગ્રાન્ટ ફળવાઇ છે, છતાં કામગીરીમાં ગોબાચારી ચાલે છે. ૧૧ જેટલા રોડ લેવલ નાળા હલકી કક્ષાના નાળા નાખ્યા. સરકારના નાણાનો દૂર ઉપયોગ થઇ રહીયો છે. ક્યાં સુધી આવું લોલમલોલ ચાલશે. તંત્ર દ્વારા તપાસ કરી કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવશે કે નઈ તે જોવાનું રહીયું.

હાલ સંજેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં નવીન રસ્તાઓ સહીત નાળાની કામગીરી પુરજોસમાં ચાલી રહી છે, જેમાં કોન્ટ્રાકટરો પોતાની મનમાની ચલાવીને હલકી કક્ષાનું મટીરીયલ વાપરી રહ્યા છે. જેને લઈ રજૂઆતો નો પણ રાફડો ફાટ્યો છતાં સરકારી જવાબદાર અધિકારીઓની તપાસને નામે મીંડું જોવા રહ્યું છે. શું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર ની મિલી ભગત તો નથી? રજૂઆત કરવા છતાં સ્થળ તપાસ કેમ કરવામાં આવતી નથી?શુ કામગીરી પૂર્ણ બાદ તપાસ કરાશે? સંજેલી તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા ચાલી રહેલા નવીન રસ્તાઓની કામગીરીમાં મોટાપાયે કોન્ટ્રાક્ટરો ગેરરીતી કરી રહિયા જ્યાં ત્યાં વેઠ ઉતારતા હોવાની પૂર્વ તાલુકા પંચાયતના સદસ્ય રણછોડભાઈ પલાસ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી. રસ્તાની સ્થળ તપાસ કરી કોન્ટ્રાકટર ના બિલ ન ચૂકવવા લેખિત જાણ કરવામાં આવી.. સંજેલી તાલુકાના વાણીયાઘાંટી થી નેનકી મહાદેવ મંદિર સુધીનો રોડ જેમાં ૧૧ જેટલાં નાળાનું કામ બંને નાળા જોઈન્ટ કરવામાં આવિયા નથી.ફીટીંગ તથા સિમેન્ટથી ચણતર કરવામાં આવેલ નથી ઉપરથી માટેની પુરાણ કરેલ છે બંને નાળાની દીવાલોની ઊંચાઈ પણ કરવામાં આવી નથી. અને નવીન રોડમાં પણ ભ્રષ્ટાચાર કરેલ છે નવીન રસ્તા નાળા બનાવ્યા બાદ પાણીનો પણ છટકાવ કરવામાં આવ્યો નથી. જેથી ગાબડા પડવાનો પણ ભય જોવા મળ્યો.

સંજેલીના નેનકી ગામમાં નવીન માર્ગની કામગીરીમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરીને કોન્ટ્રાક્ટર વેઠ ઉતારતા હોવાની ગ્રામજનોની બુમો ઉઠવા પામી છે. રસ્તામાં માટી મેટલમાં પાણીનો છટકાવ કરવામાં આવ્યો નથી. એસ્ટીમેન્ટ બોર્ડ કેટલુ જીએસબી, કાર્પેટ, સીલકોટ, એસ્ટીમેન્ટનું બજેટનું બોર્ડ પણ મૂકવામાં આવ્યુ નથી. નવી રસ્તાની કામગીરીમાં ગોબાચારી હોવાની કોન્ટ્રાક્ટરને બીલ નાણા સ્થગિત કરવા જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી. રસ્તાની કામગીરીમાં ગેરરીતિની તપાસ માટે ૧૦ દિવસ અગાઉ રજુઆત કરવામાં આવી તેમ છતાં તપાસને નામે મીંડું.. તંત્રની બેદરકારીથી કોન્ટ્રાક્ટર પોતાની મનમાની ચલાવી હલકી ગુણવત્તાનું કામ ચાલુ રાખીયું.આ નવીન રસ્તો પાંચ કિલોમીટરનું માર્ગનો છે. જેમાં હલકીકક્ષાનું મટીરીયલ વાપરી જમીન લેવલ પેચમાં મેટલ વગર અને એસ્ટીમેન્ટ મુજબ ડામરની ટકાવારી નાખવામાં આવતી હોય છે, જે નાખવામાં આવી નથી. જેનાથી નાળામાં ગાબડા પડવાનો ભય તાત્કાલિક તપાસ કરી કોન્ટ્રાકટર સામે પગલા લેવા ગ્રામજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## દાહોદ સીટી ગ્રાઉન્ડ ખાતે દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની અધ્યક્ષતા હેઠળ જીલ્લા કક્ષાનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૩. ૦ નો શુભારંભ થયો



દાહોદ,

દાહોદ સીટી ગ્રાઉન્ડ ખાતે ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરના સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા તેમજ બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ, દાહોદ, નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, દાહોદના સંયુકતક્રમે આયોજીત તેમજ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીના અધ્યક્ષ સ્થાને દિવ્યાંગ ખેલાડીઓ માટે જીલ્લા કક્ષાનો સ્પે. ખેલ મહાકુંભ ૩. ૦ નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પ્રાસંગિક ઉદ્દબોધન આપતાં કહ્યું હતું કે, દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરૂં પાડવાની તેમજ ખેલાડીઓનું મનોબળ વધારવાની જરૂર છે. દિવ્યાંગ સ્પર્ધકો પણ સામાન્ય ખેલાડીઓની જેમ રમત રમી શકે છે અને તેમની કુશળતા નિદર્શિત કરી શકે તે માટે ખેલ મહાકુંભ દ્વારા આયોજીત વિવિધ સ્પર્ધાઓ પ્રોત્સાહક સાબિત થઈ રહી છે. દાહોદ જીલ્લાના ખેલાડીઓ પણ નેશનલ લેવલે જઈ સારામાં સારૂં પ્રદર્શન કરીને જીલ્લાનું નામ રોશન કરી શકે છે. આજે દાહોદ દિવ્યાંગો પણ પોતાની આંતરિક શકિતઓ વડે દાહોદ જીલ્લાનું નામ રોશન કરી રહ્યા છે.

આ કાર્યક્રમ દરમ્યાન ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામની પિંકલ કે જે ઇટાલીમાં યોજાનાર સ્પર્ધામાં ભાગ લેવાની છે તેનું શાલ અને ગુલદસ્તો આપી સન્માન કરવામાં આવ્યુ હતું.

આ સ્પેશ્યલ ખેલ મહાકુંભ ૩. ૦ માં અસ્થિ વિષયક ખામી ધરાવતા, પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, બૌદ્ધિક અક્ષમતા ધરાવતા દાહોદ જીલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ ઈન્ડોર તેમજ આઉટ ડોર રમતોમાં ભાગ લેશે. જીલ્લા કક્ષાનો આ સ્પેશ્યલ ખેલ મહાકુંભ તારીખ ૧૪ થી ૧૬ એમ ત્રણ દિવસ સુધી ચાલશે. દાહોદ જીલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૫ અન્વયે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભમાં મોટા પ્રમાણમાં દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લઈ રમતોમાં તેમની કુશળતાનું કૌવત દેખાડ્યું હતું.

આ દરમ્યાન નાયબ પોલીસ અધિક્ષક એસ.ડી.રાઠોડ, જીલ્લા રમત - ગમત અધિકારી અમરસિંહ રાઠવા, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.પી.ખાંટા, જીલ્લા રમત વિકાસ અધિકારી ઉષાબેન ચૌધરી બ્લાઈન્ડ વેલફેર સંસ્થાના પ્રમુખ યુસુફ કાપડિયા, બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલના ડો. નાગર, સંસ્થાના ટ્રસ્ટી સહિત અન્ય અધિકારીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ નગરપાલિકામા વિપક્ષોની ડિપોઝીટ ગુલ કરવા સાંસદ જસવંતસિંહનો હુંકાર



ઝાલોદ,

ઝાલોદ નગરપાલિકા ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર છે, તે સંદર્ભે આજે પ્રચારના અંતિમ ચરણમાં ભાજપના સત્તાવીશ ઉમેદવારો ને જીતાડવા માટે ભાજપ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. આજરોજ સાંજે પાંચ વાગ્યાથી જાહેર પ્રચાર બંધ થઈ જવાનો છે ત્યારે ભાજપનું બોર્ડ બેસાડવા માટે ઝાલોદ નગરમાં અંદાજીત ૧૫૦૦ યુવાનો દ્વારા બાઈક રેલી યોજાઈ હતી. આજે ભાજપને જીતાડવા માટે દાહોદ જીલ્લા પ્રમુખ શંકર અમલીયાર તેમજ દાહોદ જીલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર અને ભાજપ દાહોદ જીલ્લા પ્રભારી સતીષ પટેલ વિશેષ ઉપસ્થિત રહેલ હતા.

ઝાલોદ નગર મુવાડા તિરંગા ચોક પર ઉપસ્થિત સહુ મહેમાનો તેમજ નેતાગણ ભીલ રાજા ઝાલા વસૈયાને માલ્યાર્પણ કરી બાઈક રેલી યોજાઈ હતી. આજની બાઈક રેલી નગરના દરેક રાજમાર્ગો પર ફરી હતી. ભાજપની જીતનો શંખનાદ કરતી રેલી એ નગરમાં અનરૂઆકર્ષણ ઉભુ કરેલ હતું. નગરમાં ભાજપની રેલી જોઈ નગરજનોમા ભાજપ ચોક્કસ જીતશે તેવી ચર્ચા લોકમુખે ચર્ચાતી હતી. બાઈક રેલી પત્યા પછી ભરત ટાવર ખાતે ભાજપની સભા પણ સંબોધાઈ હતી.

સહુ પ્રથમ દાહોદ જીલ્લા પ્રમુખ શંકર અમલીયાર રેલી સંબોધતા કહ્યું હતું કે ભાજપની બાઈક રેલી નહીં પણ રેલો જોતા વિરોધ પક્ષોની ડિપોઝીટ ડૂલ ચોક્કસ થવાની છે, તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. આજની રેલી કેસરીયા રંગે રંગાઈ ગયેલ હોવાથી વિરોધ પક્ષના લોકો મોઢામાં આંગળા નાખતા થઈ ગયેલ હશે તેમ કહ્યું હતું. ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી જેના અદયક્ષ સ્થાને યોજાઈ રહેલ છે, તેવા ભાજપના ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું હતું કે હવે વિપક્ષોની ડિપોઝીટ ગુલ થવાની છે તેમાં હવે કોઈ શંકા જોવા મળતી નથી. તેમજ ભાજપ તરફથી નગરપાલિકાની ચૂંટણી લગતા તમામ ઉમેદવારો જંગી બહુમતી થી જીતશે તેથી નગરના દરેક વિસ્તારનો સમતોલ વિકાસ થશે. ભારતમાં તેમજ રાજયમાં ભાજપની સરકાર હોવાથી વિકાશની હરણફાળ ભરવા માટે નગરમાં ભાજપના દરેક ઉમેદવારોને જંગી બહુમતી થી જીતાડવા આહ્વાન કર્યું હતું.

સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે ચૂંટણીના અંતિમ ચરણમાં કાર્યકર્તાઓનો અનેરો ઉત્સાહ જોતા જોવા મળે છે કે ભાજપની જીત નિશ્ચિત છે. જ્યારે જીલ્લામાં ભાજપ તાલુકામાં ભાજપ સરકાર છે, તો નગરનો ખરો અને સચોટ વિકાસ કરવા નગરપાલિકામા ભાજપને જીતાડવા આહ્વાન કર્યું હતું. નગરમાં પૂર્ણ બહુમતી થી ભાજપનું બોર્ડ બેસે તે માટે વોટ બગાડયા વગર ભાજપ તરફે સહુ લોકોએ મતદાન કરવાનું છે અને ભાજપ વિરૂદ્ધ જેટલા પણ ઊભા છે, તે સહુના સુપડા સાફ કરવા માટે ભાજપની તરફેણમાં વોટ કરવા આહ્વાન કર્યું હતું.

ઝાલોદ નગરના ચૂંટણી સંયોજક પંકજ અગ્રવાલ સતત ચૂંટણી પ્રચાર તેમજ ગ્રૂપ મીટિંગ, આગેવાનોની મીટીંગ તેમજ વોર્ડ પ્રમાણે મીટીંગ કરી ભાજપને જીતાડવા સંપૂર્ણ પ્રચાસ કરી રહેલ છે. સતત આ ચૂંટણી જીતાડવા માટે દાહોદ જીલ્લા પૂર્વ પંચાયત જીલ્લા પ્રમુખ શિતલ વાઘેલા પણ સતત ચૂંટણી પ્રવાસ કરી ભાજપને જીતાડવા માટે પ્રચાર પ્રસાર કરી રહેલ છે.

## જ્ઞાનદીપ હાઈસ્કુલ દુધિયા, દે. બારીયા દાહોદ ખાતે મેરા યુવા ભારત અંતર્ગત જીલ્લા કક્ષાની રમતગમત સ્પર્ધા યોજાઈ



દાહોદ,

ભારત સરકાર દ્વારા યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત, દાહોદ દ્વારા જીલ્લા કક્ષાની રમતો સ્પર્ધા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જુદાં જુદાં વિસ્તારના ટીમોના યુવાનોએ ભાગ લીધો હતો. ભાઈઓ માટે કબડ્ડી, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ તેમજ બહેનો માટે ખો.ખો.,૧૦૦ મીટર દોડ તથા લાંબી કૂદનું આયોજન કર્યું હતું. વિવિધ તાલુકાની વિજેતા ટીમોને ટ્રોફી,પ્રમાણપત્રો. રમતોનાં સાધનોની કીટ.રેફરીને ગિફ્ટ આપીને સમ્માનિત કર્યો હતાં. શાળાના આચાર્ય સુબોધભાઈ રાઠવા, વિવિધ રમતોના મેચ રેફરી તરીકે શાળાના શિક્ષક જીતેન્દ્ર બામણિયા, ઉમેશભાઈ પટેલ, હિંમતસિંહ તેમજ રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક કમલેશભાઈ બામણિયા તેમજ શૈલેષભાઈ બામણિયા ઉપરાંત શાળાના તમામ સ્ટાફગણ મિત્રો વગેરે કાર્યક્રમને સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું માર્ગદર્શન મેરા યુવા ભારત દાહોદ જીલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ ચોરમલે દ્વારા આપવામાં આવ્યું હતું. તમામ યુવા ભાઈઓ અને બહેનોને હાર્દિક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

## કન્યા શાળા ગરબાડામાં માતૃવંદના દિવસ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



ગરબાડા,

તાલુકા કન્યા પ્રાથમિક શાળા ગરબાડામાં અવારનવાર સહઅભ્યાસિક પ્રવૃતિઓના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના અનુસંધાને દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૪ના શાળામાં વિદ્યાર્થીનીઓના ચારિત્ર્ય ઘડતરના ભાગરૂપે જરૂરી સંસ્કાર સિંચન થાય તેવા પવિત્ર હેતુસર માતૃવંદના દિવસની ઉજવણી ગૌર મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. જેમાં ધાર્મિક પૂજન અર્ચન તેમજ માતા-પિતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળામાં ભણતી દીકરીઓ દ્વારા તેમની માતાઓને કુમકુમ-તિલક અને આરતી- વંદના કરી માતાનો મહિમા પ્રગટ કર્યો હતો. જે કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતી દીકરીઓના માતાઓ, SMC સભ્યો, શાળાના આચાર્યા બહેન અને શિક્ષિકા બહેનોએ આ પ્રસંગે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષતામાં રેલી અને જાહેર સભા યોજાઈ હતી



દાહોદ,

દાહોદ જીલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર અને ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ ઝાલોદ નગરપાલિકા ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાનાર છે. તે સંદર્ભે આજે પ્રચારના અંતિમ ચરણમાં ભાજપના સત્તાવીશ ઉમેદવારોને જીતાડવા માટે ભાજપ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. આજરોજ સાંજે પાંચ વાગ્યાથી જાહેર પ્રચાર બંધ થઈ જવાનો છે, ત્યારે ભાજપનું બોર્ડ બેસાડવા માટે ઝાલોદ નગરમાં અંદાજીત ૧૫૦૦ યુવાનો દ્વારા મોટી સંખ્યા બાઈક રેલી યોજાઈ હતી. આજે ભાજપને જીતાડવા માટે દાહોદ જીલ્લા પ્રમુખ શંકર અમલીયાર તેમજ દાહોદ જીલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર અને ભાજપ દાહોદ જીલ્લા પ્રભારી સતીષ પટેલ વિશેષ ઉપસ્થિત રહેલ હતા.

મોટી સંખ્યા માં ઝાલોદ નગર ના મુવાડા ભીલ રાજા ઝાલા વસૈયા ચોક તિરંગા પર ઉપસ્થિત સહુ મહેમાનો તેમજ નેતાગણ ભીલ રાજા ઝાલા વસૈયાને માલ્યાર્પણ કરી બાઈક રેલી યોજાઈ હતી. આજની બાઈક રેલી નગરના દરેક રાજમાર્ગો પર ફરી હતી. ભાજપની જીતનો શંખનાદ કરતી રેલી એ નગરમાં અનરૂઆકર્ષણ ઉભુ કરેલ હતું. નગરમાં ભાજપની રેલી જોઈ નગરજનોમા ભાજપ ચોક્કસ જીતશે તેવી ચર્ચા લોકમુખે ચર્ચાતી હતી. બાઈક રેલી પત્યા પછી ભરત ટાવર ખાતે ભાજપની સભા પણ સંબોધાઈ હતી. સહુ પ્રથમ દાહોદ જીલ્લા પ્રમુખ શંકર અમલીયાર રેલી સંબોધતા કહ્યું હતું કે, ભાજપની બાઈક રેલી નહીં પણ રેલો જોતા વિરોધ પક્ષોની ડિપોઝીટ ડૂલ ચોક્કસ થવાની છે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આજની રેલી કેસરીયા રંગે રંગાઈ ગયેલ હોવાથી વિરોધ પક્ષના લોકો મોઢામાં આંગળા નાખતા થઈ ગયા હશે તેમ કહ્યું હતું. ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી જેના અધ્યક્ષ સ્થાને યોજાઈ રહેલ છે. તેવા ભાજપના ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું હતું કે હવે વિપક્ષોની ડિપોઝીટ જપ્ત થવાની પરિસ્થિતિ થવાની છે, તેમાં હવે કોઈ શંકા જોવા મળતી નથી. તેમજ ભાજપ તરફથી નગરપાલિકાની ચૂંટણી લગતા તમામ ઉમેદવારો જંગી બહુમતી થી જીતશે તેથી નગરના દરેક વિસ્તારનો સમતોલ વિકાસ થશે. ભારતમાં સરકાર તેમજ રાજ્યમાં ભાજપની સરકાર હોવાથી વિકાશની હરણફાળ ભરવા માટે નગરમાં ભાજપના દરેક ઉમેદવારોને જંગી બહુમતી થી જીતાડવા આહ્વાન કર્યું હતું.

સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે, ચૂંટણીના અંતિમ ચરણમાં કાર્યકર્તાઓનો અનેરો ઉત્સાહ જોતા જોવા મળે છે કે ભાજપની જીત નિશ્ચિત છે જ્યારે જીલ્લામાં ભાજપ તાલુકામાં ભાજપ સરકાર છે, તો નગરનો ખરો અને સચોટ વિકાસ કરવા નગરપાલિકામા ભાજપને જીતાડવા આહ્વાન કર્યું હતું. નગરમાં પૂર્ણ બહુમતી થી ભાજપનું બોર્ડ બેસે તે માટે વોટ બગાડયા વગર ભાજપ તરફે સહુ લોકોએ મતદાન કરવાનું છે અને ભાજપ વિરૂદ્ધ જેટલા પણ ઊભા છે, તે સહુના સુપડા સાફ કરવા માટે ભાજપની તરફેણમાં વોટ કરવા આહ્વાન કર્યું હતું.

ઝાલોદ નગરના ચૂંટણી સંયોજક પંકજ અગ્રવાલ સતત ચૂંટણી પ્રચાર તેમજ ગ્રૂપ મીટિંગ, આગેવાનોની મીટીંગ તેમજ વોર્ડ પ્રમાણે મીટીંગ કરી ભાજપને જીતાડવા સંપૂર્ણ પ્રચાસ કરી રહેલ છે. સતત આ ચૂંટણી જીતાડવા માટે દાહોદ જીલ્લા પૂર્વ પંચાયત જીલ્લા પ્રમુખ શિતલ વાઘેલા પણ સતત ચૂંટણી પ્રવાસ કરી ભાજપ ને જીતાડવા માટે પ્રચાર પ્રસાર કરી રહેલ છે.

## બીઆરસી ભવન લીમખેડા ખાતે કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડલાઈન અંતર્ગત સેમિનાર યોજાયો



લીમખેડા,

લીમખેડા તાલુકામાં બીઆરસી ભવન ખાતે વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડન્સ સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં જીલ્લા રોજગાર કચેરી દાહોદના હિરલબેન સેલોત અને ITI લીમખેડાના તરૂણકુમાર અમીન, રેખાબેન હઠીલા તથા બીઆરસી કા. ઋષિભાઈ સલાણીયા દ્વારા વિદ્યાર્થીઓને PPTના માદયમથી તથા રૂબરૂ કાઉન્સિલિંગ કરી આગળ ઉચ્ચ અભ્યાસ માટે કારકિર્દી ઘડતર માટે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદની ગીરધર નગર કોલેજ કેમ્પસમાં રકતદાન શિબિરનું આયોજન કરાયું

દાહોદ,

નવજીવન સાયન્સ કોલેજ,દાહોદ એન.એસ.એસ. એકમ અને ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન કરી પુલવામા અટેકના શહીદો ને શ્રદ્ધાંજલિ આપવામા આવી.

દાહોદ તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન અને દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના ગીરધર નગર કોલેજ કેમ્પસમાં ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, દાહોદના સંયુકત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં એન.એસ.એસ. સ્વયંસેવકો, કોલેજ કેમ્પસના અન્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ૩૦ યુનિટ બ્લડ એકત્રિત કરી પુલવામા અટેકના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ઝાયડસ બ્લડ સેન્ટર, દાહોદ અને ઝાયડસ મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ની ટીમ હાજર રહી હતી. તમામ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. શ્રેયસ પટેલ, નીલ પટેલ અને સ્વયંસેવકો દ્વારા કર્યાકારી આચાર્ય ડો. જી.જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## પ.પૂ. પ્રાકૃતાચાર્ય ૧૦૮ સુનિલસાગરજી મુનિરાજજી

દાહોદ,

દાહોદના પ્રવેશતાની સાથે અમોને ખબર પડી કે, અહીં ડામર તમામ રસ્તાઓ પર જોવા મળી રહ્યો છે. શહેરના રસ્તાઓ ડામરવાળા અને પાકા છે. આખા ગુજરાતમાં ગુજરાતી મેન અને ગુજરાતી મેનુ ફેમસ છે. કાલની વાત શું કરીએ, કાલની વાત પુરાની, નયે સીરે સે લીખેંગે નઈ કહાની. એ સમજી લો કે આ મહોત્સવ માટે અમારૂં બલીદાન આપવામાં આવ્યું છે. એક સાધુ લાખ્ખો માણસોથી પણ કિંમતી છે. સંતોનું જીવન ખુબજ કિંમતી છે. દિગંમબર ધર્મ કોઈ આસાન ધર્મ નથી, કોઈ ખેલ નથી. આ દુનિયામાં દીગંબર રૂપમાં માત્ર બે વ્યક્તિઓ રહી શકે છે. એક નાનું બાળક અને એક દીગંબર તપસ્વી, કોઈ ત્રીજા વ્યક્તિનું કામ નથી. તમામ દુનિયા એક પરિવાર છે. ઝુઠથી દમ ઘુટે છે, સત્ય બોલો તો લોકો નારાજ થઈ જાય છે. અહિંસા પરમો ધર્મ છે અને વ્યસન મુકત થાવ તેમજ શાકાહારી



બનો.આપણુ પેટ કોઈ કબ્રસ્તાન નથી કે તેમાં બધુ દફનાવીએ.વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે કામ કરો સૌનું કલ્યાણ થશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.149

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પશ્ચિમ વિસ્તારના કાળાભાઈ પેટ્રોલ પંપ થી રેલ્વે ગળનાળા સુધીનો રસ્તો બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન



ગોધરા,

ગોધરા શહેર સિગ્નલ ફળીયા રેલ્વે ગરનાળા થી સિમલા સુધીના રસ્તો લાખો રૂપીયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. આ રસ્તો બિસ્માર બનતા આ રોડનો ઉપયોગ કરતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ શહેરને જોડતા મહત્વપૂર્ણ રસ્તાને નવેસરથી બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગોધરા શહેર સિગ્નલ ફળીયા રેલ્વે ગરનાળા થી સિમલા સુધીનો રસ્તો એક વર્ષ અગાઉ લાખો રૂપીયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો પરંતુ હલ્કી ગુણવતાની કામગીરીને લઈ એક વર્ષ જેવા ટુંકાગાળામાં રસ્તો ખખડધજ બન્યો છે. સિગ્નલ ફળીયા રેલ્વે ગળનાળાવાળા મહત્વપૂર્ણ રસ્તો હોય આ રસ્તાને લઈ શહેરના અન્ય ઓવરબ્રીજવાળા રસ્તા ઉપર વાહનોની અવર જવર ઓછી હોવાથી ટ્રાફિકની સમસ્યા વકરતી નથી પરંતુ ખખડધજ બિસ્માર રસ્તાને લઈ આ રસ્તા ઉપરથી વાહન લઈ પસાર થતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નગર પાલિકા દ્વારા કાળાભાઈ પેટ્રોલ પંપ થી સિગ્નલ ફળીયા ગરનાળા સુધીના રસ્તો લાખો રૂપીયાના ખર્ચે બનાવવામાં આવ્યો હતો પરંતુ કોન્ટ્રાકટર દ્વારા રસ્તાની કામગીરીમાં હલ્કી ગુણવતાની કામગીરી કરેલ હોવાથી રસ્તો બિસ્માર બન્યો છે. આ રસ્તા ઉપરથી પસાર થતા વાહન ચાલકોને પડતી મુશ્કેલીને લઈ આ રસ્તાનું નવિનીકરણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ગોધરાના પોપટપુરા ગામે ચારણ ગઢવી સમાજનો ૧૮મો સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું : ૩૧ જોડાઓએ પ્રભુતામાં પગલાં માંડયા





ગોધરા,

ગોધરાના પોપટપુરા વિસ્તારમાં આઈશ્રી સોનલ ચારણ ગઢવી સમાજ સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૧૮મો સમૂહ લગ્નોત્સવમાં ૩૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. આ મંગલ પ્રસંગમાં પંચમહાલ, મહિસાગર, છોટાઉદેપુર અને વડોદરા જીલ્લાના ૪૦ ગામો માંથી ચારણ-ગઢવી સમાજના લોકો ઉત્સાહ સાથે જોડાયા હતા.

પોપટપુરા ગામે આઈશ્રી સોનલ ચારણ-ગઢવી સમાજના ૧૮માં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સમાજના પ્રમુખ દાદુભાઈ વાલાભા ગઢવીના જણાવ્યાં મુજબ આ સમૂહ લગ્નના આયોજનનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં શિક્ષણનું સ્તર ઉચું લાવવા આને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આઈશ્રી સોનલ કંકુ કેશરના આર્શીવાદથી યોજવામાં આવેલ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓને સ્વયંસેવકોની મહેનતથી સમગ્ર આયોજન સફળતા પૂર્વક સંપન્ન થયું છે. સમાજને સંગઠિત કરવાના ઉદ્દેશથી યોજાયેલા આ સમૂહ લગ્નમાં સમાજના તમામ વર્ગના લોકોએ સક્રિય ભાગ લીધો હતો. આ આયોજન સમાજમાં એકતા અને સામાજીક જાગૃતિનો સંદેશ પણ પ્રસારીત થયો છે.

## ગોધરા તાલુકાના રામપુર જોડકાના પાંચ પ્રોહિબીશન ગુનાના વોન્ટેડ આરોપીને સ્ટેટ મોનીટરીંગ સેલે ઝડપ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના રામપુરા જોડકાનો પ્રોહિબીશન ગુનાના વોન્ટેડ આરોપી અંગે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલને મળેલ બાતમીના આધારે તેના ઘરેથી ઝડપી પાડવામા આવ્યો. પકડાયેલ આરોપીને ગોધરા એ ડીવીઝન પોલીસ મથકને સોંપવામાં આવ્યો.

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા તાલુકાના રામપુર જોડકા ગામે રહેતા બુટલેગર રમેશભાઈ ગણાભાઈ વણકર વિરૂદ્ધ રાજ્યના વિવિધ પોલીસ મથકમાં પ્રોહિબીશન ગુના નોંધાયેલ હોય અને આરોપી નાસતો ફરતો આરોપી સામે નવસારી રૂરલ મથકના બે ગુના, કાલોલ પોલીસ મથકના, ગોધરા તાલુકા પોલીસ અને સુરતના માંડવી પોલીસ મથકે પ્રોહિબીશન ગુનાનો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે, આરોપી રમેશ ગણાભાઈ વણકર તેના ઘેર હાજર છે. તેવી બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો અને વધુ કાર્યવાહી માટે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકને સોંપવામાં આવ્યો.

## જીલ્લા કલેક્ટર આશિષકુમારના અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે પી.એમ.એફ.એમ.ઈ યોજના અંતર્ગત બેઠક યોજાઈ



પંચમહાલ,

નાયબ બાગાયત નિયામક,ગોધરાની એક યાદીમાં જણાવ્યા અનુસાર જીલ્લા કલેકટર આશિષકુમારના અદયક્ષસ્થાને પી.એમ.એફ.એમ.ઈ યોજના અંગે કલેકટર કચેરી,ગોધરા ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મુલ્યવર્ધનને લગતા કુલ ૦૯ પ્રોજેક્ટને બહાલી આપવામાં આવી હતી. તેમજ પંચમહાલ જીલ્લાના વિવિધ જણસીના મુલ્ય વર્ધનના પ્રોજેક્ટનો વ્યાપ વધે તે માટે યોજના અંગે જાગૃતિ અર્થે કામગીરી કરવા જીલ્લા કલેકટર દ્વારા સુચન કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં કમિટીના સભ્યો તથા વિવિધ તાલુકાના લાભાર્થીઓ હાજર રહ્યાં હતા. તેમજ યોજના અંગે વિસ્તૃત માહિતી માટે જીલ્લા કક્ષાએ નાયબ બાગાયત નિયામકનો સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક,ગોધરાની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે માતૃ- પિતૃ પૂજન દિવસ ઉજવાયો



ગોધરા,

આજના નવ યુવાનોને પોતાની મૂળ સંસ્કૃતિને ઓળખવા માટે તથા જીવનમાં માતા-પિતાનું મહત્વ સમજાવવાના આશયથી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ. વિભાગ દ્વારા ૧૪ ફેબ્રુઆરીને માતૃ- પિતૃ પૂજન દિવસ તરીકે ઉજવી કોલેજમાં એક અનોખી ઐતિહાસિક પરંપરાની શરૂઆત કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.અરૂણસિંહ સોલંકી તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલ ૨૦ વાલી કોલેજના સદાબા હોલમાં ઉપસ્થિત રહ્યા હતા જેમને તેમના સંતાનોએ કુમકુમ તિલક કરી તેમના તેમની પૂજા કરી તેમને પુષ્પ માળા પહેરાવી તેમને પગે લાગી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાનો એક સુંદર પ્રયાસ કર્યો હતો. તમામ અધ્યાપકઓ એ પણ વાલીઓ પર ગુલાબની પાંદડીઓનો વરસાદ કરી વાતાવરણને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ પ્રસંગે પ્રિન્સિપાલ એ પોતાના પ્રવચનમાં વિદ્યાર્થીઓને માઁ- બાપ શું છે... અને મા બાપ વગરની જિંદગી શું છે, તે અંગે ધારદાર પ્રવચન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ આજના કાર્યક્રમમાં ગદગદિત અને લાગણીશીલ થઈ છેવટે ખૂબ જ ખુશી અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રારંભમાં કાર્યક્રમની રૂપરેખા કોલેજના નવા વરાયેલા અધ્યાપિકા ડો. ઉન્નતિબેન પરમારે આગવા અંદાજમાં કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન વિદ્યાર્થી નેતા ભવ્ય દેવડા, કુ. હર્ષિતા ચતવાણી, સાક્ષી શાહ, સંજના વાઘેલા, પાયલ પરમાર કુ. આરતી, ધ્રુવસિંહ ચૌહાણ વિગેરે દ્વારા ખૂબ જ મહેનત કરી સફળ બનાવ્યો હતો.કાર્યક્રમની આભાર વિધિ ડો.પાયલબેન વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે વાલીઓએ પણ ખુશી વ્યક્ત કરી હતી અને પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. કોલેજના તમામ વિદ્યાર્થીઓમાં આજના દિવસ માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને દેશ બદલાઈ રહ્યો છે, તેની પ્રતીતિ કરી હતી.

## ગોઠડા પ્રા.શાળા ખાતે માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી કરાઈ



ગોધરા,

તારીખ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ પી.એમ.શ્રી ગોઠડા પ્રા.શાળામાં માતૃપિતૃ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ગુજરાત રાજ્ય શૈક્ષિક સંઘના પ્રમુખ અનિરૂદ્ધસિંહ સોલંકી, પંચમહાલ જીલ્લા શૈક્ષિક સંઘના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, પંચમહાલ જીલ્લા શૈક્ષિક સંઘના મહામંત્રી યોગેશભાઈ પટેલ, ગોઠડા ગ્રામ પંચાયત સરપંચ સરોજબેન ઠાકોર, SMC શિક્ષણવિદ્ સંદીપભાઈ ચૌહાણ, ઈન્દિરા ફ. વર્ગ શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ અને મોટી સંખ્યામાં માતાઓ, પિતાઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય આલોક પાંડે દ્વારા સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકુમાર બારીઆ અને મીનાક્ષીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. આજના દિવસે બાળકોએ પોતાના માતા-પિતા તથા વાલીઓને મહાકુંભ માંથી લાવેલ પવિત્ર ગંગાના પાણીથી પગ ધોઈ પૂજન કરવામાં આવ્યું અને તેમની આરતી ઉતારવામાં આવી. માતા-પિતા અને વાલીઓએ પણ પોતાના બાળકોને આશીર્વાદ આપ્યા અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરી. SMC ના શિક્ષણવિદ સંદીપભાઈ ચૌહાણ દ્વારા શાળામાં હાજર ૪૦૦ બાળકોને આઈસ્ક્રીમ ખવડાવવામાં આવી. કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક ઈન્દુકુમાર પરમાર દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

## પુલવામાં શહીદોને શ્રદ્ધાંજલિ આપતા કોમર્સ કોલેજ ગોધરાના વિદ્યાર્થીઓ



ગોધરા,

તારીખ ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ નારોજ જમ્મુ કાશ્મીરના પુલવામાં ખાતે આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના બહાદુર જવાનોને સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો.અરૂણસિંહ સોલંકીની અદયક્ષતામાં યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ શહીદોની કુરબાનીને યાદ કરી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. ખાસ કરીને આપણે આજે જે સુખ ચેન ની હવા લઈ શકીએ છીએ એનો સંપૂર્ણ જશ આવા હજારો શહીદો અને લાખો જવાનોને છે .''ભારત માતાકી જય''નાજય ઘોષ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ગોધરા તાલુકાના પોપટપુરા ગામે અલીફ પાઈપ ફેકટરીના ગોડાઉન માંથી ૬૬,૦૦૦/-રૂ.ના મુદ્દામાલની ચોરી

ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે અલીફ પાઈપ ફેકટરીના ગોડાઉનની અંદર કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કર્યો હતો અને લોખંડના વાયર બંડલો નંગ-૬, લોખંડની સળીયાની ભારી નંગ-૧૨, બ્રેકર, વેલ્ડીંગ પેટી, કટર મશીન મળી કુલ ૬૬,૦૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના પોપટપુરા ગામે આવેલ ફરિયાદી બુરહાન ફકરી બોડેલીવાળાની અલીફ પાઈપ ફેકટરી આવેલ હોય આ ફેકટરીના ગોડાઉનને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું. ફેકટરીના ગોડાઉનના દરવાજાને મારેલ સાંકળ ખોલી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનમાં રાખેલ લોખંડના વાયરના બંડલો નંગ-૬ કિંમત ૨૧,૦૦૦/-, લોખંડના સળીયાની ભારી નંગ-૧૨ કિંમત ૨૮,૦૦૦/-,બ્રેકર મશીન રૂા.૭,૦૦૦/-, વેલ્ડીંગ પેટી રૂા.૬,૦૦૦/-, કટર મશીન રૂા.૪,૦૦૦/- મળી કુલ કિંમત ૬૬,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકાના આદિવાસી સમાજના કાર્યકરને જાનથી મારી નાખવાની ધમકી મળતા ફરિયાદ

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે આદિવાસી સમાજના કાર્યકરને મોબાઈલ પર મળેલી ગુનહિત ધમકીને લઈને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે બે સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકાના બામરોલી ગામના ખાતે રહેતા અને આદિવાસી સમાજના કાર્યકર પ્રવીણભાઈ પારગી ને જાનથી મારી નાખવાની ધમકી મળતા તેઓ એ પોલીસ સ્ટેશન ખાતે બે સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસ સ્ટેશન ખાતે આપેલી ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ફરિયાદી પ્રવીણભાઈ પારગી એ ૧૫ દિવસ અગાઉ મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ફળવા ગામ ખાતે રહેતા કોકીલાબેન ખાંટ જાતિના બે બે પ્રમાણપત્રો ધરાવે છે એવી અરજી તેઓ દ્વારા ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી ખાતે કરી હતી. જેને લઈને ૧૩/૨/૨૫ ના રોજ ફરિયાદી પ્રવીણ પારગીના મોબાઈલ પર કોકીલા બેને ફોન કરીને જાતિના પ્રમાણપત્રને લઈને તમે અરજી કરી એટલે મને નોકરી નહી મળે તેમ થાય એમ છે અને મારી જિંદગી બગડશે માટે હું આવતીકાલે તમારા ઘરે આવીને આત્મવિલોપન કરીશ તેવી ધમકી આપેલ ત્યારબાદ તમારૂ ઘર સાફ કરી નાખીશ તેવી ધમકીઓ આપેલ અને તેઓ પાસેથી તેમના પતિ દીપાભાઈએ ફોન લઈને હું પણ આત્મહત્યા કરીશ તેમ કહી મા બેન સમાણી ખોટી ગંદી ગાળો બોલી ને તને અને તારા પરિવારને પુરા કરી નાખીશ એવી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.આ ઉપરોકત બાબતે પોલીસ સ્ટેશન ખાતે આદિવાસી સમાજના કાર્યકર પ્રવીણ પારગી એ કોકીલા બેન ખાંટ અને દીપાભાઈ ડામોર સામે ફરિયાદ નોંધાઈ હોવાથી પોલીસે આ બાબતે તપાસના ચક્રોગતિમાન કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

## ગોધરા ઈદગાહ મહોલ્લા મેશરી નદીના ધસમાં વરલી મટકાનો જુગાર રમાડતા આરોપીને ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેરના ઈદગાહ મહોલ્લા મેશરી નદીની ધસમાં આરોપી જાહેરમાં ફરક આંકનો જુગાર રમાડતો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા ઈદગાહ મહોલ્લા મેશરી નદીની ધસ ઉપર આરોપી ઉજેફા યાકુબ યાચમન ઉર્ફે બાદશાહ જાહેરમાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડે છે. તેવી બાતમી આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. પોલીસે આંકડા લખેલ સ્લીપ બુક અને રોકડા ૪૮૦/-રૂપીયા સાથે આરોપીને ઝડપી પાડયો હતો. આ બાબતે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

## જીલ્લા કલેકટર આશિષકુમારના અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે પંચમહાલ જીલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમિયાન ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની મુખ્ય પરીક્ષાઓ યોજાનાર છે. જેમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ કુલ ૩૪ કેન્દ્રો પરથી, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કુલ ૧૯ કેન્દ્રો અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ કુલ ૦૨ કેન્દ્રો પર મુખ્ય પરીક્ષા આપશે.

જીલ્લા કલેકટરએ બેઠકમાં આગામી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષાને અનુલક્ષીને પરીક્ષાના આયોજન અંગે, કેન્દ્ર સંચાલકોની નિમણુક અને તાલીમ, પરીક્ષા સ્ટાફની તાલીમ, પરીક્ષા સ્થળો પર લાયઝન અધિકારીની નિમણુક, કાયદો અને વ્યવસ્થાના અમલીકરણ, પરીક્ષા સમય દરમિયાન વીજ પુરવઠાની વ્યવસ્થા, વિદ્યાર્થીઓ માટે પરીક્ષા સ્થળે આરોગ્યની સુવિધા, વાહન વ્યવહારની સુવિધા સહિત વિવિધ બાબતો અંગે કરવામાં આવેલી તૈયારીની સમીક્ષા કરી સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં જીલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, જીલ્લા શિક્ષણાધિકારી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, એમજીવીસીએલના કાર્યપાલક ઈજનેર અને અધીક્ષક ઈજનેર, ડેપો મેનેજર, નગરપાલીકા ચીફ ઓફિસર અને જીલ્લાની વિવિધ શાળાના આચાર્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના ટુવા ગામે રેલ્વે ફાટક પાસે આઈસર ટ્રકે રાહદારી મહિલાને ટક્કર મારી મોત નિપજાવ્યું

ગોધરા,

ગોધરા તાલુકાના ટુવા ગામે રેલ્વે ફાટક નજીક હાઈવે રોડ ઉપરથી પસાર થતી આઈસર ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો. રાહદારી ૪૨ વર્ષીય મહિલાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી આઈસર લઈ નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટુવા ગામે રેલ્વે ફાટક નજીક અમદાવાદ થી ગોધરા જતા હાઈવે રોડ ઉપરથી પસાર થતી આઈસર ટ્રક નંબર જીજે.૦૧.સીયુ.૬૨૭૨ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને રાહદારી મહિલા મંજુલાબેન મોહનભાઈ રાવળ ઉ.વ.૪૨ (રહે. વાલૈયા, નવી વસાહત)ને અડફેટમાં લીધા હતા અને હાથના ભાગે, પગના ભાગે , થાપાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી આઈસર ટ્રક ચાલક નાશી છુટતા આ આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ-સાવલી રોડ એલ.એમ.વિન્ડ પાવર કંપની પાસે વાહન ચાલકે બાઈક ચાલકને ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ-સાવલી રોડ ઉપર એલ.એમ.વિન્ડ પાવર કંપનીની સામે વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને પસાર થતી બાઈકને ટકકર મારી બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવી વાહન ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ-સાવલી રોડ ઉપર આવેલ એલ.એમ.વિન્ડ પાવર કંપની પાસેથી પસાર થતા ગાડી નંબર કેએ.૫૧.એએચ.૨૧૩૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લાવ્યો હતો અને મોટર સાયકલ નંબર જીજે.૦૬.કયુપી.૨૨૪૯ને અડફેટમાં લઈ ટક્કર મારી હતી અને બાઈક ચાલક યશવંતભાઈ ઉર્ફે જગો અરવિંદભાઈ સોલંકી (રહે. જુના ખાખરીયા, તા.સાવલી)ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માત સર્જનાર ગાડીના ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.